વિષય:- ક્રિયા કરીયે સાચી સાચી - મુક્તિ મેલવીયે જલ્દી

શ્રી સખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
શ્રી સાગરાનંદ સૂરિભ્યો નમઃ

પરિક્ષક:- સા. મુક્તિરેખા શ્રીજી મ.સા.

(રાગ:- ભમાનાથની — નવપદ ધ્યાન સદા સુખકારી. સિદ્ધચક્ર ધ્યાન જયકારી)

વધાઈ.
આરિહંત સિદ્ધ આચારજ પાઠક, સાધુ દેખો ગુણરૂપ ઉદારી. ન૦ ૧
દર્શન જ્ઞાન ચારિત્ર હે ઉતમ, તપ દોય ભેદે હૃદય વિચારી. ન૦ ૨
મંત્ર જડી ઓર યંત્ર ઘણેરાં, ઉન સબકું હમ દૂર વિસારી. ન૦ ૩
બહોત જીવ ભવજલસે તારે, ગુણ ગાવત હૈ બહુ નરનારી. ન૦ ૪
શ્રી જિનભક્ત મોહન મુનિવંદન, દિન દિન ચઢતે હર્ષ અપારી. ન૦ ૫

(રાગ:- વૈષ્ણવ જન તો તેહને રે કહીયે - ——

સિદ્ધચક સેવો રે પ્રાણી, ભવોદધિમાંહે તારક હો જાણી
વિધિપૂર્વક આરાધીજે, જિમ ભવસંચિત પાતક છીજે. સિદ્ધ૦ ૧
પ્રથમપદે અરિહંત, બીજે પદે વળી સિદ્ધ ભગવંત;
ત્રીજે પદે આચાર્ય જાણું, ચોથે પદે ઉપાધ્યાય વખાણું. સિદ્ધ૦ ૨
પાંચમે પદે સકલ મુનીંદ્ર, છઠ્ઠે દર્શન શિવસુખ કંદ;
સાતમે પદે જ્ઞાન વિબુધ, આઠમે ચારિત્ર ધાર વિશુદ્ધ. સિદ્ધ૦ ૩
નવમે પદે તપસાર, એક એક પદ જપો દોય હજાર;
નવ આંબિલ ઓળી કીજે, ત્રણકાળ જિનને પૂજીજે. સિદ્ધ૦ ૪
દેવવંદન ત્રણવાર, પડિક્કમણું પડિલેહણ ધાર;
રત્ન એમ કહે આરાધો, શ્રીપાળ મયણા જિન સુખ સાધો. સિદ્ધ૦ ૫

(રાગ:- મન ડોલે મેરા તન...)

અવસર પામીને રે, કીજે નવ આંબિલની ઓળી,
ઓળી કરતાં આપદ જાયે રૂદ્ધિ સિદ્ધિ લહીએ બહુલી. અવસર૦ ૧
આસો ને ચૈત્રે આદરશું. સાતમથી સંભાળી રે;
આળસ મેલી આંબિલ કરસે, તસ ઘર નિત્ય દિવાળી અવસર૦ ૨
પૂનમને દિને પૂરી થાતે, પ્રેમેશું પખાલી રે;
સિદ્ધચકનેં શુદ્ધ આરાધી, જાપ જપે જપમાલી. અવસર૦ ૩
દેહ રે જઈને દેવ જુહારો, આદિશ્વર અરિહંત રે;
ચોવીશે ચાહીને પૂજો, ભાવેશું ભગવંત. અવસર૦ ૪
બે ટંકે પડિક્કમણું બોલ્યું, દેવ-વંદન ત્રણ કાલ રે;
શ્રી શ્રીપાલ તણી પરે સમજી, ચિતમાં રાખો ચાલ. અવસર૦ ૫
સમકિત પામી અંતરજામી, આરાધો એકાંત રે,
સ્યાદ્વાદ પંથે સંચરતા, આવે ભવનો અંત. અવસર૦ ૬
સત્તર ચોરાણું શુદિ ચૈત્રીએ, બારશે બનાવી રે,
સિદ્ધચક ગાતાં સુખ સંપતિ, ચાલીને ઘેર આવી અવસર૦ ૭
ઉદયરત્ન વાચક ઉપદેશે, જે નર નારી ચાલે રે,
ભવ ભાવઠ તે ભાંજીને, મુક્તિપુરીમાં મહાલે. અવસર૦ ૮

☐ કૌંશમાંથી સૌથી વધુ યોગ્ય શબ્દ શોધીને, [illegible] લખો.

(૧) દરેક ક્રિયામાં વિધિ અને ______ ખૂબ જરૂરી છે. (નમસ્કાર, જયણા, નમ્રતા)
(૨) મુનિ મહારાજને વંદન કરતાં ______ ખમાસમણ દેવાના હોય છે. (૩, ૪, ૨)
(૩) હું શાસનરક્ષક નિમિત્તે રોજ ______ લોગસ્સનો કાઉસ્સગ કરીશ. (૧૨, ૨૦, ૧૦)
(૪) ખમાસમણ દેતી વખતે ______ અંગ જમીનને અડાડવાના હોય છે. (૩, ૫, ૮)
(૫) લીલોતરીમાં ______ નો પણ સમાવેશ થાય છે, માટે તે દસ તીથી ખવાય નહિ. (મગ, ફ્રૂટ, ચોળા)
(૬) નવકારશીનું પચ્ચક્ખાણ કરવાથી ______ વર્ષનું નરકનું આયુષ્ય તુટે છે. (૧૦૦, ૧૦૦૦, ૧૦૦૦૦)
(૭) પોસ્ટલ કવર, ટીકીટ વગેરેને થુંક લગાડવાથી ______ કર્મ બંધાય છે. (જ્ઞાનાવરણીય, મોહનીય, દર્શનાવરણીય)
(૮) ખાધા-પીધા પછી થાળી-વાટકી કે ગ્લાસ ન લૂછીએ તો ૪૮ મિનિટ પછી ______ જીવો ઉત્પન્ન થાય. (ગર્ભજ, ચઉરિન્દ્રિય, સમુર્છિમ)
(૯) પદવીધારી ગુરુમહારાજને વંદન કરતી વખતે ______ ખમાસમણ દેવાના હોય છે. (૨, ૪, ૫)
(૧૦) લોગસ્સ સૂત્રમાં ______ ભગવાનના નામ ઉપર મીંડા બોલવાના નથી. (૩, ૪, ૬)
(૧૧) પૌષધમાં ______ દોષોનો ત્યાગ કરવાનો હોય છે. (૩૨, ૧૦, ૧૮)
(૧૨) કારતક સુદ ચૌદશે સવારે ______ પ્રતિક્રમણ કરવાનું હોય છે. (પકિખ, ચોમાસી, રાઇ)
(૧૩) ગાથા લેતી વખતે મુનિમહારાજને ______ ખમાસમણ દેવાના હોય છે. (૨, ૫, ૩,)
(૧૪) ગુરુભગવંતે મંગલાચરણ કર્યા પછી ______ ને પ્રણામ કરીને બેસવું જોઇએ. (ગુરુજી, સાધ્વીજી, સકળસંઘ)
(૧૫) એક સામાયિક કરવાથી ______ પલ્યોપમ દેવલોકનું આયુષ્ય બંધાય છે. (૬૨૫૬૨૫૬૨૫, ૯૨૫૯૨૫૯૨૫, ૯૩૫૯૩૫૯૩૫)
(૧૬) સંવત્સરિ પ્રતિક્રમણમાં ______ શ્વાસોશ્વાસનો કાયોત્સર્ગ કરવાનો હોય છે. (૩૦૦, ૧૦૦૮, ૧૦૮)
(૧૭) કાચા દૂધ કે દહીં સાથે ______ ન ખવાય. (ફ્રૂટ, કઠોળ, શાક)
(૧૮) ૧૫ દિવસના પાપોની શુદ્ધિ માટે ______ પ્રતિક્રમણ કરવાનું હોય છે. (રાઇ, પક્ખિ, ચોમાસી)
(૧૯) ગુરુમહારાજશ્રીની નિશ્રામાં સામાયિક પારવા કરતાં લેતી વખતે ______ ખમાસમણ વધારે દેવાના હોય છે. ૩ - ૨
(૨૦) જૈનેતર ભાઇ સામે મળે તો ______ કહેવું (પ્રણામ, જયજિનેન્દ્ર, હેલો)
(૨૧) સંસારનું ભ્રમણ નિવારવા ______ દેવાય છે. (દાન, પ્રદક્ષિણા, ખમાસમણ)
(૨૨) ગુરુવંદન ______ પ્રકારના છે. (એક, બે, ત્રણ)
(૨૩) ૫૦૦ શ્વાસોશ્વાસના કાયોત્સર્ગવાળા પ્રતિક્રમણ વર્ષમાં ______ વાર કરવાના હોય છે. (૨૧, ૩, ૨૪)
(૨૪) પ્રતિક્રમણ ઠાવ્યા પછી, છ આવશ્યક પૂર્ણ થાય ત્યાં સુધીના પ્રતિક્રમણમાં નમુથ્થુણં સૂત્ર આવે જ નહિ તેવા પ્રતિક્રમણ શ્રાવકે ૩૬૦ દિવસના એક વર્ષમાં ______ કરવાના હોય છે. ૧ - ૫ , ૩૬૦
(૨૫) દેવ વંદનમાં ______ વાર નમુથ્થણં સૂત્ર બોલવાનું હોય છે. (૨, ૩, ૫)
(૨૬) ભગવાનની ______ બાજુએ ઘીનો દીવો મૂકવો જોઇએ. (જમણી, ડાબી, સામેની)
(૨૭) 'જાવંતિ ચેઇઆઇં' સૂત્ર ______ મુદ્રામાં બોલવાનું હોય છે. (યોગ, જિન, મુક્તાસુક્તિ)
(૨૮) પ્રચંડ પુણ્ય બાંધવાં ______ ની સેવા કરવી જોઇએ. (ગરીબ, માત-પિતા, દેવ-ગુરૂ)
(૨૯) મને દુઃખ જોઇતું નથી, માટે હું બીજાને ______ આપીશ નહિ. (સુખ, આનંદ, દુઃખ)
(૩૦) અષ્ટપ્રકારી પૂજામાં ચોથી ______ પૂજા છે. (પુષ્પ, ધૂપ, દીપક)

(૩૧) વિશ્વના જીવમાત્રના ______ બનવું જોઇએ. (ભક્ત, મિત્ર, દુશ્મન)
(૩૨) બીજી નિસીહી બોલવાથી ______ સંબંધી વિચારોનો ત્યાગ કરવાનો હોય છે. (સંસાર, દેરાસર, દ્રવ્યપૂજા)
(૩૩) ચૈત્યવંદન ______ પૂજા છે. (અંગ, અગ્ર, ભાવ)
(૩૪) અષ્ટપ્રકારી પૂજા ______ કરવાની છે. (સવારે, મધ્યાહને, સાંજે)
(૩૫) આપણે રોજ ______ પરમાત્માની પૂજા કરીએ છીએ. (નામ, ભાવ, સ્થાપના)
(૩૬) પ્રાતિહાર્ય યુક્ત પ્રતિમા પરમાત્માની ______ અવસ્થા જણાવે છે. (પદસ્થ, રૂપાતીત, પીંડસ્થ)
(૩૭) બે હાથ મસ્તકે જોડીને ______ પ્રણામ કરવાના હોય છે. (અર્ધાવનત, અંજલિબદ્ધ, પંચાગ)
(૩૮) પરમાત્માની પૂજા ______ આંગળીથી કરવાની હોય છે. (કનિષ્ઠા, મધ્યમા, અનામીકા)
(૩૯) પરમાત્માની પૂજા કરતાં ______ પડવાળો મુખકોશ બાંધવો જોઇએ. (ચાર, છ, આઠ)
(૪૦) દહેરાસરમાં રહેલા દેવ–દેવીને ______ થી તિલક કરવું જોઇએ. (અંગુઠા, મધ્યમા, અનામીકા)
(૪૧) ______ ને ફુલથી પૂજા કરવાથી ૧૮ દેશનું રાજ્ય મળ્યું. (સંપ્રતિ, કુમારપાળ, દેવપાળ)
(૪૨) ______ પરમાત્માની પૂજાથી તીર્થંકર નામકર્મ બાંધ્યું. (સંપ્રતિએ, કુમારપાળે, દેવપાળે)
(૪૩) ચાર ગતિનો નાશ કરવા માટે ______ કરાય છે. (નંદાવર્ત, સ્વસ્તિક, દીપીકા)
(૪૪) સ્નાત્ર મહોત્સવ ______ કલ્યાણકની ઉજવણીનું પ્રતિક છે. (દીક્ષા, કેવળજ્ઞાન, જન્મ)
(૪૫) અભિષેક પૂજા કરતાં ______ અવસ્થા ચિંતવવાની છે. (રાજ્ય, જન્મ, દીક્ષા)
(૪૬) ત્રીજી નિસીહી બોલ્યા પછી ______ પ્રણામ કરવાના હોય છે. (અંજલિબદ્ધ, અર્ધાવનત, પંચાંગપ્રણિપાત)
(૪૭) પ્રભુને ______ અંગે પૂજા કરવાની હોય છે. (નવ, તેર, એક)
(૪૮) ચંદનપૂજા એ ______ પૂજા છે. (અંગ, અગ્ર, ભાવ)
(૪૯) ચાર મહીનાના પાપો ધોવા ______ પ્રતિક્રમણ કરવાનું હોય છે. (દેવસિ, પક્ખિ, ચૌમાસી)
(૫૦) દરેક ક્રિયા ______ કરવી જોઇએ. (દ્રવ્યથી, ભાવથી)

### નીચેના વાક્યો (ખોટું કર્યું હોય તો સુધારો) [redacted].

(૫૧) ચૈત્યવંદન કર્યા પછી કેશરપૂજા કરી.
(૫૨) ચૈત્યવંદન કરતાં કરતાં સાથીયો કર્યો.
(૫૩) દહેરાસરમાં વ્યાખ્યાન અંગે વાતો કરી.
(૫૪) ગભારામાં પ્રવેશ્યા પછી દહેરાસરના શિખર અંગે વાતો કરી.
(૫૫) ઉપરનું કોતરકામ જોતાં જોતાં ચૈત્યવંદન કર્યું.
(૫૬) ચક્કેસરી દેવીની નવ અંગે પૂજા કરી.
(૫૭) પરમાત્માની હથેળીમાં પૂજા કરી.
(૫૮) ચૈત્યવંદન ચાલે ત્યાં સુધી સાથીયાંનો પાટલો બીજાને લેવા ન દીધો.

ગુરુ ગુણ સ્તુતિ
ચરણામ્બુજે ભક્તો વસે, હૃદયામ્બુજે પરમાત્મા,
કર કમલે મા શારદા વસે, મુખ કમલે મા મા શારદા,
નેત્રામ્બુજે નિરવીકારતા, નવકાર નાભી કમલમાં.
આનંદ સાગર સૂરિજી ચરણે ભાવ કરું હું વંદના રે

(૫૯) સીનેમાની તર્જ ઉપર સ્તવન બોલ્યા.
(૬૦) ચરવાળા વિના સામાયિક કર્યું.
(૬૧) સિદ્ધચક્રજીની પૂજા કર્યા પછી ભગવાનની પૂજા કરી.
(૬૨) ચૌદશના ભીંડાનું શાક ન ખાધું પણ પાકા કેળાનું શાક ખાધું.
(૬૩) ઉકાળેલું પાણી પીવા દ્વારા અનંતા જીવોને અભયદાન આપ્યું.
(૬૪) પ્રક્ષાલ કરતાં ભગવાનને કળશ અથડાયો.
(૬૫) પરમાત્માના અંગોમાં રહી ગયેલા કેશર કાઢવા જોરથી વાળાકુંચી ઘસી.

### ખોવાયેલો જવાબ શોધી સાચું વાક્ય સાચું લખો :

(૬૬) હું દેરાસરે જઇશ ત્યારે (૧) ખાલી હાથે જઇશ (૨) સાયકલ ઉપર જઇશ (૩) પુજાની સામગ્રી લઇને જઇશ.
(૬૭) રોજ ભગવાનના ખોળામાં માથું મુકીને ભાવના ભાવીશ કે "હે ભગવન ! તું મને :
(૧) સુખી કરજે (૨) ધનવાન બનાવજે (૩) સાચો સાધુ બનાવજે.
(૬૮) સંસારના સર્વ દુઃખોમાંથી છુટવાનો ઉપાય બતાવનાર (૧) ભગવાન છે. (૨) મમ્મી છે. (૩) પપ્પા છે.
(૬૯) હું જો રાત્રે ખાઈશ તો (૧) ભૂખ દૂર થશે. (૨) નરકમાં જવાનું થશે. (૩) આનંદ આવશે.
(૭૦) દેરાસરમાં કપાળે તિલક કરતી વખતે (૧) દર્પણમાં મારું મોઢું જોઇશ. (૨) તિલક બરાબર થાય તેનું ધ્યાન રાખીશ. (૩) ભગવાનની આજ્ઞા મસ્તકે ચઢાવું છું તેવું વિચારીશ.
(૭૧) હું પાપ તો કરીશ જ નહી, છતાં ય થઇ જશે તો (૧) તે પાપ કોઇને કહીશ નહિ (૨) તેનું પ્રાયશ્ચિત લઇશ. (૩) ફરીથી ન કરવાના નિર્ણયપુર્વક પ્રાયશ્ચિત લઇશ.
(૭૨) ભગવાને કહ્યું છે કે પર્વતિથિએ (૧) શાકભાજી ન ખવાય (૨) લીલોતરી ન ખવાય (૩) ફળ ન ખવાય
(૭૩) આપણે જેનો ઉપયોગ ન કરીએ, તે વસ્તુનું પાપ ન લાગે તે માટે હું રોજ (૧) પ્રતિક્રમણ કરીશ (૨) સામાયિક કરીશ (૩) ૧૪ નિયમ ધારીશ.
(૭૪) ભગવાન સાથે હું કાલીઘેલી વાત પણ કરીશ. કેમકે તે મારી (૧) બહેન છે. (૨) મા છે. (૩) માસી છે.
(૭૫) ગુરુજી ઘરે વહોરવા પધાર્યા હશે ત્યારે (૧) હું ટી. વી. બંધ કર્યા વિના જ 'પધારો' કહીશ (૨) હું ટી. વી. જોયા કરીશ. (૩) હું તરત ટી. વી. બંધ કરીને 'પધારો' કહીશ.

[redacted]

પરીક્ષાર્થીનું નામ:-